# સાચું સાહિત્ય કોને કહેવાય ?

**ડો. પંકજ આર. પટેલ**
આસી. પ્રોફેસર, ગુજરાતી
આર્ટસ કોલેજ, ભીલડી

**પ્રસ્તાવના:**

સાહિત્ય એ જીવનનું પ્રતિબિંબ છે. જીવના પ્રવાહોથી સદંતર વિમુખ હોય એવું સાહિત્ય તેમજ સર્વ પ્રકારના સાહિત્યથી તદ્દન વંચિત હોય એવો માનવસમાજ એ બંને દુર્લભ છે. માનવ સંસ્કૃતિના વિકાસના દરેક તબક્કે સાહિત્ય સદા જીવંત અને વિકાસશીલ રહ્યું છે. એટલે કે માનવીના સર્વાંગી વિકાસમાં સાહિત્યનું મહત્વપૂર્ણ સ્થાન છે. જગત પાસે ઉત્તમ સાહિત્યકૃતિઓ ન હોય તો જગત માનવીની ભાવનાસૃષ્ટિને મૂલવવાની દ્રષ્ટિએ ઘણું દરિદ્ર રહી જાત. સાહિત્યનો વિકાસ એ માનવીની કલારસિકતા અનેજીવનના સનાતન મૂલ્યોને સમજવાની તેની દ્રષ્ટિના વિકાસ છે. ઉત્તમ સાહિત્યકૃતિઓની સુવાસ ઉત્તરોત્તર વધુ ને વધુ વિસ્તરીને માનવસંસ્કૃતિને મહેકાવ્યા કરે એ માનવજાતિ માટે અનિવાર્ય છે.

સાહિત્ય વિશે અત્યારે બે પ્રશ્નો ઊભા થયા છે – સાહિત્ય કાને કહેવું ? સાહિત્ય તથા જીવનને સંબંધ છે કે નહિ ?

સાહિત્ય તે છે કે જે માનવસ્વભાવને ઓળખે છે અને એને રજૂ કરે છે. જેનું ધ્યેય માનવતા, એને સરસ કથન ઉપર એટલી જ શ્રધ્ધા છે. કારણ કે એની વિચારસરણીમાં સામાન્ય માનવતી કેન્દ્રસ્થાને છે. પણ વર્તમાન માનવી ભૂલી જાય છે. માટે આ ધ્યેયલક્ષી સાહિત્ય જય્◌ાં સુધી કેવળ પ્રચારલક્ષી ન થાય ત્યાં સુધી એની ઇન્દ્રજાળ મોહક છે. એટલી જ પ્રચારલક્ષી સાહિત્યને માનવજીનની નિત્યના પ્રશ્નો સાથે નિસબત નથી. એને મન માનવજીવન નિત્ય હોય કે અનિત્ય એ મહત્વનો પ્રશ્ન નથી, જેટલો એને રોટી મળે છે કેન હિ એ છે. ધ્યેયલક્ષી સાહિત્યને માનવસ્વભાવના નિત્યસ્થાયી સ્વરૂપમાં શ્રધ્ધા છે. એટલે સાહિત્ય ધ્યેયલક્ષી હોય કે પ્રચારલક્ષી એનું એક મહાસૂત્ર સાહિત્યહેતુ માટે બંનેમાં સમાન છે. સાહિત્યની એવી મૂકવાણી આ જમાનામાં કોઇ સ્વીકારે કે ન સ્વીકારે એ સવાલ જુદા જ છે. એથી એની શક્તિ ઓછી થાય છે. એમ (માનવાની) માનવાને કારણે નથી. ધ્યેયદર્શી સાહિત્ય જો પ્રચારલક્ષી સાહિત્યની પેઠે હેતુનો સ્વીકાર કરે, તો સાહિત્યની સમાન ભૂમિકા ઉત્પન્ન થવાની શક્યતા આવી શકે ખરી.

જીવનના જે આનંદમાંથી સાહિત્ય જન્મવું જોઇએ એ માણસની પોતાની વિશિષ્ટ શક્તિનો આનંદ છે. એ દ્રષ્ટિનો આનંદ છે. જે દ્રષ્ટિ એને મેળવી છે. એને બીજા પાસે નથી પણ એ એકાંકી જનતાને ઉપેક્ષાથી જોનારાને માણસોનું આનંદ નથી. એ આનંદ જે એને મળ્યો છે એ બીજા સાથે વહેચી લેવા માટે છે. બીજાને દર્શાવવા માટે કોઇક રીતે પોતાની જાતને વ્યક્ત કરવી પડે છે.

સાહિત્ય અને જીવન એ પરસ્પર ઉપકારી ક્રિયાઓ છે. સાહિત્ય ન હોય તો જીવન સૂકું અને હેતું વિનાનું લાગે ખરી રીતે મનુષ્ય જેટલો મહાન એની કલ્પનામાં તેટલો જ મહાન એની ક્રિયામાં, જ્યાં કલ્પના નિર્બળ ત્યાં સમાજ નિર્માલ્ય, એટલે જ્યં સાહિત્ય નહિ ત્યાં સમાજ નહિ. સાહિત્ય (એ) નરોત્તમો સર્જ્યાં છે. નરોત્તમોએ સાહિત્યને પ્રેરણા આપી છે. સમાજની સૌથી ઉન્નતમાં ઉન્નત કલ્યાણકારી ક્રિયાઓના બીજ સાહિત્યમાં હતાં – સાહિત્ય જીવનને ઘડવા માટે, બીજાનું જીવન સમજવા માટે, માનવ માનવ વચ્ચેના સંબંધોના સાચા અર્થ શોધવા માટે, સૃષ્ટિના અંતરંગમાં રહેલી શક્તિ અનુભવવા માટે, નવસર્જન માટે, પ્રગતિ માટે અને એક કલ્યાણકારી પ્રેમસૃષ્ટિના વિશ્વવ્યાપી આવિર્ભાવ માટે છે. સાહિત્ય એ એક પ્રકારનં એવું વાતાવરણ શક્ય બનાવે છે, જેમાં માનવ માનવને મળી શકે. કોઇ પણ જાતના દેશ, જાત, રંગ, પ્રતિષ્ઠા, વય, વિદ્વત્તા કે લિંગભેદ વિના જીવનસંગ્રામની સુગંધ જેમાંથી સ્ફુરે તે સાહિત્ય જે જીવનભરની મૈત્રી રાખે, જે મનષ્યને જીવને જીવતાં શીખવે તે સાહિત્ય. આજે જયારે આપણા સામાજિક જીવનમાં દેવદાનવ જેવી યુધ્ધોની પરંપરા શરૂ થયાની આગાહી થઇ રહી છે. ત્યારે તો ખાસ આકર્ષક થવી જોઇએ.

સાહિત્ય એ પ્રજાકીય સંસ્કૃતિનો પડયો છે. સંસ્કૃતિ એ માનસિક બળનો સરવાળો છે. હજારો હૃદયને હચમચાવે તેવું વ્યક્તિત્વ જમાવવા માટે મનુષ્યો સંસ્કૃતિ વિશેનો ખ્યાલ, જેમ બને તેમ સંપૂર્ણ હોવો જોઇે. પણ અતિ ઐશ્વેર્ય પ્રતિ જનારું એકમાત્ર સોપાન છે. મહાન સાહિત્યકાર વિના પ્રજાને મહત્તાનો સંદેશો કોઇ

આપી શકતું નથી. ખરી રીતે તો માનવતા હૃદયમાં રહેલા અથાક સામર્થ્યને છૂટું કરવાનં અને એના ખરા સ્થાનનો પરિચય આપવાનું કામ સાહિત્યનું છે.

માણસના એક વચનથી સિદ્ધિ અસિદ્ધિનાં સ્વપ્ન સાચાં કે ખોટાં પડે છે. એવી આ જીવનસંગ્રામી દુનિયામાં દૃષ્ટિનું મૂલ્યાંકન જેટલું આંકો એટલું ઓછું જ છે. તમામે તમામ વ્યાપક પ્રવૃત્તિમાં આથી કોઇ ને કોઇ સાહિત્યદૃષ્ટિ નહીં હોય, તો જીવનદૃષ્ટિ અંધ થઇ રહેશે. એટલે આવી સાહિત્યદ્રષ્ટિને જીવનવ્યાપી તમામ પ્રવૃત્તિમાં ઓતપ્રોત કરી દેવા માટે અત્યારનાં સાધનોનો ઉપયોગ કરવો પડશે. પ્રજાજીવનમાં જે જૂનાં સાધનોનો ઉપયોગ હતો, ભવાઇ, નાટક, આખ્યાનો, હરિકથાઓ, દુહાઓ, લોકકથાઓ એ તમામને સ્થાને હવે નવાં સાધનો આવી ગયાં છે. આ યુગમાં થઇ રહેલા આ પ્રયાસોમાં જો સાહિત્યદ્રષ્ટિ આપવામાં નહિ આવે, તો તે એક કરુણ ઘટના ગણાશે.

સંસ્કારી જીવન જે શાંતિ ઇચ્છે છે, તે શાંતિનું એટલે પ્રેમનું અને સત્યનું જીવન જ્ઞાન દ્વારા જ શક્ય છે. એ જ્ઞાન દરેકને મળવું જોઇએ અને દરેકને હોવું જોઇએ. કાર્ય સિદ્ધ કરવા માટે જે-જે સાધનોનો જે – જે સમયે ઉપયોગ કરવો ઘટે તે વખતે તે પ્રમાણે ઉપયોગ કરવામાં કોઇ જાતનો નિષેધ નડતો નથી. શાસ્ત્ર કરતાં પણ જીવન પોતે વધારે શાસ્ત્રમય છે. સાહિત્યનું કાર્ય આપણને શીખવવાનું, ખાત્રી કરાવવાનું અથવા આપણને નીતિમાન બનાવવામાં છે. એમ કહેવું સાહિત્યકલાની બહાર જવા બરાબર છે.

સાહિત્યની કલા એટલે અનુભવને અનુભવ લેખે જ મૂલ્યવાન અને ઉપભોગ્ય ગણી ભાષા દ્વારા બીજાને પહોંચાડવાની કલા, ભાષાની શક્તિનો આધાર કલ્પનાને ઉત્તેજિત કરવાની શક્તિ ઉપર છે અનુભવ ગમે તે પ્રકારનો હોય તો પણ તેને કલ્પના રૂપે જ બીજાને પહોંચાડી શકાય છે. અનુભવને બને એટલી સંપૂર્ણતાથી પ્રતીકરૂપે રજૂ કરી શકાય છે. સાહિત્ય ભાષાની ચિત્ત ઉપર અસર કરનારી અર્થવિષયક તેમજ ધ્વનિવિષયક બંને પ્રકારની એક-એક શક્તિનો ઔચિત્યપૂર્ણ ઉપયોગ કરી ચિત્ત ઉપર ભાષાનો પ્રભાવ વિશેષ હોય છે. જ્યારે સંસ્કારોની આખી પરંપરા એક જ ધારહાર આકૃતિ બનાવતી જણાય એટલે કે એકતા સધાતી લાગે ત્યારે સાહિત્યકૃતિમાંથી દરેક વસ્તુ સંપૂર્ણપણે પરસ્પરસંબંધી છે, એમ કહી શકાય. ત્યાં કશું આકસ્મિક હોતું નથી. ત્યાં કશું સમાજના હિતમાં ન હોય એવું હોતું નથી.

રહસ્યપૂર્ણ અનુભવની તાદશ કલ્પના આપવી એ સાહિત્યનું ઉત્તમ કાર્ય છે. જીવન સાથે સાહિત્યનો ગાઢ સંબંધ રહેલો હોય છે. સાહિત્યમાં વૃક્ષો, છોડ કે વેલા જીવનની ધરતી પર તેના રસકસ ચૂસીને પાંગરે છે. આ જીવન એટલે વ્યક્તિજીવન નહિ, પણ સમાજજીવન, પ્રજાજીવન સાહિત્ય જે યુગનું હોય તેમાં તે યુગનું પ્રજાજીવન, સમાજજીવન પ્રતિબિંબિત થયા વિના રહે જ નહિ. કારણ કે ઇતિહાસ કરતાં સાહિત્યમાં આલેખાયેલા સમાજજીવન વધારે વિશ્વસનીય છે. ટૂંકમાં સાહિત્ય મૂળભૂત રીતે સમાજવિમુખો હોઇ શકે નહિ. આ દૃષ્ટિએ સાહિત્ય એ સમાજજીવનનો શ્રદ્ધેય આલેખ કહેવાય છે.

સાહિત્ય એ માનવોએ જીવનમાં જીવનમાં જે કંઇ જોયું, અનુભવ્યું અને જીવનમાં જે પાસાઓમાં આ પણ સૌને સૌથી વધુ ગાઢ અને ચિરંતન રસ હોય છે તે પાસાઓ વિશે કવિઓ સર્જકોએ જે કંઇ વિચાર્યું, અનુભવ્યું તેનો જીવન આલેખ છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના રૂપમાં જોઇએ તો દલપત, નર્મદની કવિત તેમના સમયના સંસારસુધારાની કવિતા બની. ગોવર્ધનરામે ‘સરસ્વતીચંદ્ર’માં તેમના યુગના સમાજજીવનને વાચા આપી. ગાંધીયુગનું સંતાન હોય છે. સમાજજીવનને સાહિત્યકાર ઝીલે છે અને સામે તે પોતાની કૃતિ દ્વારા સમાજજીવનને પ્રજાને ઘડે છે. પ્રેરણા આપી દોરે પણ છે. સાહિત્યમાં કલાતત્વો, સૌંદર્યરસ આદિ સાથે સમાજજીવન તેનાં પરિબળો સાથે ઓતપ્રોત બની પ્રગટ થતાં હોય તો જ તે સાહિત્ય સનાતન સાહિત્ય બને છે. સમાજજીવનની વિગતોનો કેવળ સ્થૂળ આલેખ ઉત્તમ સાહિત્ય બની શકે નહિ. અર્થાત સાહિત્યકાર ગમે તેટલો સમાજભિમુખ હોય તોપણ તેનીકૃતિમાં કળાતત્વોનો અભાવ હોય, તો તો કૃતિનું સાહિત્યકલાની કૃતિ તરીકે કશું મૂલ્ય નથી.

સાચે જ સાહિત્ય એ સમાજજીવનનો અરીસો ગણાય છે તે યથાર્થ છે.